આકાશવાણી ભુજ

સમાચાર વાચક : કૃપાલી મહેચ્છા

કોમ્પ્યુટર રાઈઝ- શિવરામ ચૌધરી (પટેલ)

તારીખ:-29-07-2024 સમય:-સવારે 6.50 કલાકે

---

## પીએમ મોદી

ગુજરાતમાં પૂરની સ્થિતિ વચ્ચે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ સાથે ફોન પર વાતચીત કરી પરિસ્થિતિનો તાગ મેળવ્યો હતો. શ્રી મોદીએ પૂરથી સ્થિતિનિ પહોંચી વળવા કેન્દ્ર તરફથી શક્ય તમામ મદદ પૂરી પાડવાનું આશ્વાસન આપ્યું છે.

હવામાન વિભાગે આજે રાજ્યના અનેક વિસ્તારમાં ભારે વરસાદની આગાહી વ્યક્ત કરી છે. જ્યારે સૌરાષ્ટ્ર, કચ્છ અને દક્ષિણ ગુજરાત સહિત અનેક જિલ્લા માટે રેડ અલર્ટ પણ જાહેર કરવામાં આવ્યું છે. દરમિયાન વડોદરા સહિતના પૂરથી અસરગ્રસ્ત જિલ્લાઓમાં રાહત અને બચાવ અભિયાન યથાવત્ છે.

**RNU નેશનલ**

---

## વરસાદ એલર્ટ

ભારતીય હવામાન વિભાગે આગામી 48 કલાક માટે ગુજરાતના કેટલાક જિલ્લાઓ વરસાદ માટે રેડ એલર્ટ જાહેર કર્યું છે. જ્યારે કચ્છ અને સૌરાષ્ટ્રના અલગ-અલગ સ્થળોએ અતિભારે વરસાદની આગાહી કરી છે.

ભારે વરસાદની આગાહી વચ્ચે કાંઠાળ પટ્ટામાં વરસાદનું જોર જોવા મળ્યું હતું. તે વચ્ચે સાંજના 6 વાગ્યાથી સવારે 6 વાગ્યા સુધી વરસાદ નોંધાયેલ.

અબડાસા તાલુકામાં 275 મિલીમીટર, લખપતમાં 226, નખત્રાણા 203, માંડવી 182, અંજાર 124, મુંદરા 97, ભુજ 86, ગાંધીધામ 72, ભચાઉ 36, રાપર 28 મિલિમીટર વરસાદ નોંધાયો હતો.

**કંટ્રોલરૂમ**

---------------------------------------------------------------------------

## જિલ્લા કલેકટર વરસાદ બેઠક

જિલ્લા સેવા સદન ભુજ ખાતે ભારે વરસાદની આગાહીના પગલે વહીવટીતંત્રની તૈયારીઓ અંગે કલેક્ટર અમિત અરોરાએ બેઠક બોલાવી હતી. જિલ્લા કલેકટર જિલ્લામાં ડિપ ડિપ્રેશનની પરિસ્થિતિના લીધે અતિ ભારે વરસાદની આગાહી કરી છે. ત્યારે તમામ અધિકારીઓને એલર્ટ રહેવા સૂચના આપી હતી. કલેક્ટર વીડિયો કોન્ફરન્સના માધ્યમથી પ્રાંત અધિકારીઓ, મામલતદાર સાથે વાત કરીને હાલની વર્તમાન પરિસ્થિતિની માહિતી મેળવી હતી. અતિ ભારે વરસાદની સંભાવનાના પગલે આગોતરૂં આયોજન કરવા માર્ગદર્શન આપ્યું હતું. ઉપરાંત રૂટિન કામગીરીમાં ડિ-વોટરિંગ, ટ્રી ટ્રીમિંગ, પ્રવાસી સ્થળોને બંધ કરાવવા, એનડીઆરએફ - એસડીઆરએફ ટીમના ડિપ્લોયમેન્ટ, આર્મી કોલમની ફાળવણી, ભારે વરસાદની પરિસ્થિતિ વખતે સ્થળાંતર માટેની પૂર્વ તૈયારીઓ, રોડ રિસ્ટોરેશનની યુદ્ધના ધોરણે કામગીરી, નાગરિકોને મીડિયાના માધ્યમથી સચેત રાખવા, બંધ રસ્તાઓ ઉપર પૂરતો પોલીસ બંદોબસ્ત ગોઠવવા સહિતની બાબતે અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી હતી.

જિલ્લામાં ભારેથી અતિભારે વરસાદની આગાહીના પગલે જિલ્લા કલેકટરના માર્ગદર્શન હેઠળ જિલ્લા વહીવટી તંત્ર એક્શન મોડમાં કામગીરી કરી રહ્યું છે. આગામી ૨૪ કલાક જિલ્લામાં ભારે વરસાદની આગાહીના ભાગરૂપે કલેકટર દ્વારા નીચાણવાળા વિસ્તાર, જોખમી નદી, નાળા સહિતના વિસ્તારમાં લોકોને ન જવા અપીલ કરી છે.

**મા.ખા.**

---------------------------------------------------------------------------

## હમીરસર ઓગની વધામણા

**કચ્છમાં સતત પડી રહેલા વરસાદના કારણે ભુજનું હમીરસર તળાવ છલકાઈ ગયું હતું. ડિપ્રેશનની અસર તળે પવન સાથે ભારે વરસાદ મોડી રાત્રીના હમીરસર તળાવ છલકાઈ ગયું છે. ભુજના ચોથા મહિલા અધ્યક્ષાને ૨૮મી વખત સરોવરના વધામણાં કરવાની મળી છે. આ અગાઈ ૧૯૭૯, ૧૯૮૦ અને ૧૯૮૧ સતત ત્રણ વર્ષ બાદ તળાવ છલકાવાની હેટ્રીક નોંધાઈ હતી. આ વખતે 2022, 2023, 2024માં હમીરસર ઓગની જતા હેટ્રીક નોંધાઈ છે.**

**પરેશ મારૂ**

---

## શૈ. કાર્ય રજા

**હાલમાં પડી રહેલા અતિ ભારે વરસાદ તથા હવામાન વિભાગની રેડ એલર્ટની આગાહીના કારણે સાવચેતીના ભાગરૂપે આજે જિલ્લાની તમામ પ્રાથમિક માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળામાં શૈક્ષણિક કાર્ય બંધ રાખવામાં આવશે તેવું જિલ્લા શિક્ષણાધિકારીની યાદીમાં જણાવાયું છે .**

**RNU ઓફિસ**

---

## મચ્છુ નદી

મોરબીમાં ભારે વરસાદને કારણે મચ્છુ નદીમાં પૂર આવતાં માળિયામાં પાણી ફરી વળ્યું હતું, જેને લઇને માળિયા કચ્છ નેશનલ હાઈવે ૨૪ કલાક કરતા વધુ સમય સુધી બંધ રખાયો હતો. ગઈકાલે હળવા વાહનોને પસાર કરવાનું શરૂ કરવામાં આવ્યું હતું. જીલ્લા પ્રભારીમંત્રી પ્રફુલ પાનશેરીયા માળિયાની મુલાકાતે પહોંચ્યા હતા. માળિયા નજીક રેલ્વે ટ્રેકને ભારે નુકશાન સર્જાતા રેલ્વે ટ્રેક ધોવાઈ ગયો હતો.

**RNU અમદાવાદ**

---

## ટર્મીનલ ટ્રેન

કચ્છ સહિત રાજ્યમાં ભારેથી અતિભારે વરસાદ વરસી રહ્યો છે. જેના કારણે રેલવે અને એસટીને અસર પહોંચી છે. ત્યારે ગઈકાલે બાન્દ્રા ટર્મીનલથી એસી સુપર ફાસ્ટ એક્સપ્રેસ 22903 નિર્ધારીત સમયે ઉપડી હતી.

**RNU ઓફિસ**

---

## કરાર આધારિત તબીબ

રાજ્યના કરાર આધારિત તબીબોને આપવામાં આવતી ખાનગી પ્રેક્ટિસની છૂટ બંધ કરવાનો નિર્ણય કરાયો છે. ખાનગી પ્રેક્ટિસ વગર કરાર આધારિત સેવા આપતા તજજ્ઞ તબીબોના દર માસના વેતનમાં વધારો કરાયો છે.

**RNU અમદાવાદ**

---

RNU BHUJ